# શ્રી ઇ. મો. જીનવાળા કેળવણી મંડળ સંચાલિત
# શ્રીમતી પુ.હ.પટેલ સંસ્કાર કન્યા વિદ્યામંદિર



આચાર્યા
શ્રી દિવ્યાબહેન પુરોહિત

પ્રથમ સત્રનો અહેવાલ,


શિક્ષણ એટલે જયાં કલા, બુદ્ધિ અને જ્ઞાનનો સમન્વય સધાય તથા શિક્ષણની પ્રક્રિયા દ્વારા વિ.ની શક્તિને મોકળો માર્ગ આપવા; મનને સંસ્કારિત કરવા અને ચારિત્રિકભાવોને પરિશુધ્ધ કરવા શાળામાં વિવિધ પ્રવૃત્તિનું આયોજન થાય છે.

૨૧ મી સદીમાં જયારે રાષ્ટ્રની સંસ્કૃતિ વિશ્વની ક્ષિતિજ સાથે સમાહિત થઈ રહી હોય અને ભૌતિક સંશાધનોએ આપણને એકબીજાની નજીક લાવી દીધા હોય ત્યારે શિક્ષણની પ્રક્રિયા સાથે સંકળાયેલ વિદ્યાર્થી અને શિક્ષકની સાથે વાલીવૃંદ અલગ ન રહી જાય એવા લક્ષ્યથી વાલીઓને સાંકળવાનો નમ્ર પ્રયાસ હાથ ધર્યો.

" નવીનતા ન ઠુકરાઓ
નવીનતા પ્રાણ પોષક છે,
જુઓ કુદરતના તરફથી
શ્વાસ પણ જૂના મળતા નથી "

– આ પંકિતને અનુસરતા અમોએ આ વર્ષને " વાલી વર્ષ " મનાવવાનું આયેજન કર્યું. વાલીવૃંદની સ્પર્ધાઓ, સહભ્યાસ પ્રવૃત્તિ, ઈત્તર પ્રવૃત્તિઓ તથા શાળાએ મેળવેલી સિધ્ધિઓની ઝલક પ્રસ્તુત કરતા આનંદની લાગણી અનુભવું છું.






આ નથી ફક્ત શાળા પ્રવેશ, આ છે સફળ જીવનમાં પ્રવેશ. આ હેતુસર શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી.








શાળામાં લોકશાહી ઢબે ચૂટણીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રેણી ૩ થી ૮ ની બાળાઓએ મતદાન કર્યું.



આ વર્ષે એક અનોખા આયોજનના ભાગરૂપે શાળામાં વાલીશ્રીઓ માટે કેશગૂંફન, મહેંદી સ્પર્ધા, શિક્ષકદિન અને સર્જનાત્મક સ્પર્ધા આવી ચતુર્થ સ્પર્ધાનું આયોજન થયું.





તા. ૧૪/૦૭/૧૪ ના રોજ
શ્રેણી ૩ થી ૮ માટે બૌદ્ધિક
સ્પર્ધાનું (ગીત ગુંજન)
આયોજન થયું હતું






તા. ૧૬/૦૮/૧૪ ના રોજ શાળામાં
શ્રેણી ૧, ૨ની બાળાઓએ
જન્માષ્ટમીની ઉજવણી કરી.





તા. ૩૦/૦૮/૧૪ ના રોજ દર વર્ષની
જેમ ગણેશચતુર્થીનું આયોજન થયું.


અશોકભાઈ પટેલે કાગળના માવામાથી
શ્રીજીની પ્રતિમા તૈયાર કરી હતી.






હિન્દી રાષ્ટ્રભાષા લુપ્ત થઈ
રહી છે. તો એના સંદર્ભે શાળામાં
તા. ૧૩/૯/૧૪ હિન્દી દિન નિમિત્તે
વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું.





તા. ૨૭/૯/૧૪ શનિવારના દિવસે
શ્રેણી ૧થી૮ની બાળાઓ સજીધજીને
આવ્યાં હતા. અને બાળાઓએ દોઢિયા
અને ગરબાની રમઝટ જમાવી શાળાનું
પટાંગણને ગૂંજતું કર્યું હતું.








શિક્ષકદિન નિમિત્તે શ્રી ઈ.મો.જીનવાળા કેળવણી મંડળ દ્વારા ૧૯ વર્ષથી વધુ નિરંતર પોતાના અનુભવોનું ભાથુ સાથે બાળકોના સર્વાંગી વિકાસ કરનાર શાળાના શિલ્પી શ્રી આચાર્યાશ્રી દિવ્યાબહેન, શ્રી જયશ્રીબહેન, શ્રી ઈલાબહેન અને શ્રી અમિષાબહેન જીનવાળા (નિરીક્ષક શ્રી) ને સન્માનીત કરવામાં આવ્યા.



શાળામાંથી શ્રેણી : ૬ થી ૮ માટે મહાબલેશ્વર, પંચગીની,
એસેલ વર્લ્ડના પ્રવાસનું આયોજન થયું જેમાં ૧૦૫ વિ.ઓએ પ્રવાશની મોજમાણી.



શ્રેણી : ૧,૨ નો પ્રવાસ એકવેરિયમ, અન્નપૂર્ણા માતા મંદિર,
કલાપી બાગની મુલાકાત લીધી જેમા ૬૫ વિદ્યાર્થીનીઓએ ગમ્મત સાથે જ્ઞાન મેળવ્યું.

## :: વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણકાર્ય ::



(કલ્લોલ) શ્રેણી : ૨ મારો પરિવાર

### ગુજરાતી




શ્રેણી : ૩
સાચુ તીર્થ

### અમારી આસપાસ




શ્રેણી : ૪
ખાધા વિના ન જ ચાલે

### સૌની આસપાસ




શ્રેણી : ૫
ભોલુની અજાયબ દુનિયા

### સંસ્કૃત



શ્રેણી : ૬
આકાશ : પતિત

### વિજ્ઞાન



શ્રેણી : ૭
આહારના ઘટકો

### વિજ્ઞાન



શ્રેણી : ૮
આધુનિક ખેતી

## :: વિવિધ મુલાકાતો ::



શ્રેણી : ૧, ૨ ની બાળાઓએ
રસોડાઘરની મુલાકાત લીધી.



શ્રેણી : ૩, થી ૬ ની બાળાઓએ
ઊર્જાઘર અને દરિયાકિનારાની મુલાકાત લીધી.



શ્રેણી : ૭, ૮ ની બાળાઓએ
એરપોર્ટની મુલાકાત લીધી.

## :: શાળાનું ગૌરવ ::



તા. ૩૦/૦૮/૧૪ ના રોજ
લીલાબા ઈન્ટર સ્કુલ
આરતી ડાન્સ સ્પર્ધામાં
પ્રથમ ક્રમ મેળવ્યો.



ઝોન કક્ષાની જિમ્નાસ્ટિકમાં
રાણા આયુષી,
રાણા ધ્રુવી તથા નિકુંભ અનેરીએ
ત્રીજો, સાતમો અને આઠમો ક્રમ પ્રાપ્ત કર્યો.



સી.આર.સી કક્ષાના
વિજ્ઞાન–ગણિત પ્રદર્શનમાં
સેલ્ફ કંટ્રોલ ટ્રાફિક સિસ્ટમ
અને ઈકો ફ્રેન્ડલી ગણેશ સ્થાપના
આ બે કૃતિઓ શ્રેષ્ઠ પસંદગી પામી.



શ્રી એચ. એમ. પટેલ શાળા
આયોજીત વકતૃત્વ સ્પર્ધામાં
રાજપૂત વિધિ બીજો ક્રમ
અને પ્રજાપતિ મયુરીએ
ત્રીજા ક્રમ પ્રાપ્ત કર્યો હતો.



M.U.S આંતરશાળા સ્પર્ધામાં
" વેલ્યુ એજ્યુકેશન ડ્રામા"
માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો.



## :: હિંદી પ્રચાર મંડળ ::

અંધજન શાળા યોજિત સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીનીઓ પટેલ નિરાલી પ્રથમ ક્રમ, લશ્કરી હિમાક્ષી દ્વિતય ક્રમ, અને ઠાકુર કાજલ તૃતીયક્રમ મેળવ્યો અને અનુક્રમે ૩૦૧, ૨૫૧ અને ૧૫૧ રૂા. નું ઈનામ પ્રાપ્ત કર્યું.